**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૦૯/૦૨/૨૦૧૮ શુક્રવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૭૩/૧૮**

**જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન :**

## ચોરી કરેલ ઘરવખરીની ચીજવસ્તુઓ તેમજ ઈલેક્ટ્રોનિક્સ ચીજવસ્તુ સાથે ચોરોને પકડી ચોરીનો ભેદ ઉકેલતી જીઆઈડીસી વટવા પો.સ્ટે પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ સાહેબ નાઓ તરફથી અમદાવાદ શહેરમાં હાલમાં વધતા જતાં ચોરીના બનાવ અટકાવવા તેમજ થયેલ ચોરીના ભેદ ઉકેલવા મળેલ સુચના અનુસંધાને તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર 'જે' ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન તળે જીઆઈડીસી વટવા પો.સ્ટે અધિકારી/કર્મચારી કાર્યરત છે જે અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી જીઆઈડીસી વટવા પો.સ્ટે નાઓના માર્ગદર્શન મુજબ તા:૦૭/૦૨/૨૦૧૮ ના રોજ સર્વેલન્સ પોસઈ વિરેંદ્રસિંહ.એન.વાઘેલા નાઓ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અહેકો રણજીતસિંહ મફતસિંહ બ.નં ૭૭૮૩ તથા અપોકો ફીરોજશા મરદાનશા બ.નં ૯૦૦૧ નાઓની બાતમી હકીકત આધારે જશોદાનગર મહાલક્ષ્મી એસ્ટેટમા ભૈરવનાથ વાસણ ભંડાર તથા પુનિતનગર ક્રોસિંગ પાસે આવેલ મમતા ઈલેક્ટ્રોનિક નામની દુકાનના ઓટલા ઉપરથી ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓ તેમજ ઘરવખરીનો સામાન કુલ્લે કિંમત રૂપિયા ૪૫,૫૮૦/- ની ચોરી ચોરી કરનાર ઈસમો (૧) નરેશભાઈ સ/ઓ પ્રભાતભાઈ જાતે ચૌહાણ ઉ.વ – ૨૭ રહે- વાઘુભાઈ ઓધરભાઈ રબારીના મકાનમાં નવી વસાહત જશોદાનગર અમદાવાદ શહેર. મુળવતન ગામ-પાંડવા તા-બાલાસિનોર જી-મહીસાગર (૨) વિક્રમસિંહ સ/ઓ મોતીસિંહ ચૌહાણ ઉ.વ – ૨૯ રહે- સીધ્ધી ડેકોર કંપની, ભાગ્યોદય હોટલની પાછળ કેનાલ પાસે, ચાંગોદર અમદાવાદ. મુળવતન ગામ-પાંડવા તાલુકો-બાલાસિનોર જીલ્લો-મહીસાગર નાઓને આજરોજ તા:૦૭/૦૨/૧૮ ના ક: ૨૨/૧૦ વાગે ચોરી કરેલ ઉપરોક્ત મુદ્દામાલ સાથે પકડી પાડેલ છે આવી રીતે જીઆઈડીસી વટવા પો.સ્ટે ફ.ગુ.ર.નં ૦૬/૧૮ ધી ઈપીકો કલમ ૩૭૯ મુજબના ગુનાનો ભેદ ઉકેલી કાઢેલ છે.

એલીસબ્રીજ પોલીસ સ્ટેશન :

## પ્રેસનોટ

## એલીસબ્રીજ વિસ્તારમાંથી ઓટો રિક્ષા ચોરને ઝડપી લેતી એલીસબ્રીજ પોલીસ

આજ રોજ પ્રો. પો.સ.ઈ. શ્રી એ.પી.જેબલીયા નાઓ સ્ટાફના હે.કો. ડાહ્યાભાઈ રત્નાભાઈ તથા પો.કો. કિશોરભાઈ પ્રતાપભાઈ તથા પો.કો. સંદિપકુમાર વિજ્યકુમાર તથા પો.કો. અલ્પેસસિંહ પ્રવિણસિંહ તથા પો.કો. તુષારગીરી રાજેન્દ્રગીરી તથા અખિલેશકુમાર જગદીશભાઈ તથા પો.કો. ગજેન્દ્રસિંહ વિક્રમસિંહ વિગેરે સ્ટાફના માણસો સાથે મે. મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એમ વિભાગ અમદાવાદ શહેર તથા પોલીસ ઈન્સ. શ્રી એ.એસ.પટેલ સાહેબ એલીસબ્રીજ પો.સ્ટે. નાઓની સુચના માર્ગદર્શન મુજબ એલીસબ્રીજ પો.સ્ટે. માં વાહન ચોરીના ગુનાઓ બનતાં અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હાજર હતાં. દરમ્યાન પ્રિતમનગર ઢાળ પાસે આવતાં પો.કો. સંદીપકુમાર વિજ્યકુમાર તથા પો.કો. કિશોરભાઈ પ્રતાપભાઈ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે આરોપી હનીફભાઈ સલીમભાઈ શેખ ઉવ.૩૪ ધંધો. ડ્રાઈવીંગ રહે. નવાબનગરના છાપરા ચંડોળા તળાવ પાસે ઈસનપુર અમદાવાદ શહેર નાને એક લીલા કલરની પીળા કલરના હુડવાળી બજાજ કંપનીની RE145 મોડલની CNG ઓટો રિક્ષા છે. જેની આગળ પાછળ નંબર પ્લેટ ઉપર RTO નંબર GJ01CX5268 નો લખેલ વંચાય છે. જેનો એન્જીન નં. 24MBUH91546 તથા ચેસીસ નં. MD2AA24ZZUWH75731 નો લખેલ વંચાય છે. જે ઓટો રિક્ષાની ડાબી બાજુનો પાછળનો ટાયર પંચર હાલતમાં છે. જે ઓટો રિક્ષા ની કિ.રૂ. ૫૦,૦૦૦/- ની સાથે પકડી ઓટો રિક્ષાના આર.સી. બુક તથા આધાર પુરાવા માંગતાં પોતાની પાસે નહીં હોવાનું જણાવી ભાડેથી રાખી ચલાવતો હોવાનં જણાવેલ જેથી માલિકનું નામ સરનામું પુછતાં જણાવેલ કે. ગઈ તા. ૦૭/૦૨/૧૮ ના બ.ક. ૧૩/૦૦ વાગે ઘી કાંટા કોર્ટની પાછળ હનુમાન મંદિર પાસેથી ચોરી કરેલાનું કબુલાત કરતાં સદરી આરોપીને સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબ આજ રોજ તા. ૦૮/૦૨/૨૦૧૮ ના કલાક ૧૭/૫૫ વાગે અટક કરી ઉપરોક્ત ઓટો રિક્ષા સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબ્જે કરેલ અને ત્યારબાદ પો.કો. ગજેન્દ્રસિંહ વિક્રમસિંહ નાઓએ એકલવ્ય સોફ્ટવેરથી ઓટો રિક્ષાના માલિકનું નામ સરનામું પો.ઈન્સ. શ્રીની સુચના મુજબ પો.સ.ઈ. શ્રી એ.પી.જેબલીયા તથા સ્ટાફના માણસોએ રિક્ષા માલિક લાખનસિંહ સોનીસિંહ રહે, હનુમાનનગર ખુબજીસ ચાલી ભગીરથ કિરાણાપ આસે મેમકો કોસિંગ અમદાવાદ નાઓને પુછપરછ કરતાં પોતાની ઓટો રિક્ષા ચોરી થયેલ અને કારંજ પો.સ્ટે. લખાવેલ ફરીયાદની કોપી રજુ કરતાં સદરી બાબતે કારંજ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.ન. ૧૩/૧૮ ઈપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જેથી આરોપી તથા મુદ્દામાલ કારંજ પો.સ્ટે. સોંપવા તજવીજ કરી એલીસબ્રીજ પો.સ્ટે. ના સ્ટાફે કારંજ પો.સ્ટે. નો વાહન ચોરીનો ગુનો ડિટેક્ટ કરી સારી કામગીરી કરેલ છે.

વાસણા પોલીસ સ્ટેશન :

## પાસા અટકયાતી ને પકડી પાડી પાસા હુકમની બજવણી કરવા બાબત

મહે.પોલીસ કમિશ્નર શ્રી તથા ખાસ પોલીસ કમિશ્નર શ્રી, સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ઝોન-૭, અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, એમ-ડીવીજન, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન તેમજ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એચ.બી.ચૌધરી, વાસણા પોલીસ સ્ટેશન નાઓએ આપેલ સુચના આધારે પોલીસ સ્ટેશન ખાતે દાખલ થતા મિલકત સબંધી ગુનાઓ તેમજ પ્રોહીબીશનના ગુનાઓમાં પકડાયેલ આરોપીઓને તેઓની આવી અસામાજીક ગુનાહિત પ્રવુત્તિ કરતા અટકાવવા સારુ તેઓ વિરુધ્ધ પાસા અટકાયતી જેવા પગલા લેવા માટે સુચનાઓ આપવામાં આવેલ જે આધારે આરોપી નં.(૧) જય ઉર્ફે બાટલો સુરેશભાઇ પુજારી તથા આરોપી નં.(૨) ભરતસિંહ નારણસિંહ ડાભી નાઓ પોતાના કબજામાંની હોન્ડા સીટી કાર નં. GJ-01-HM-4860 માં રાજસ્થાન બીછુવાડા ખાતેથી વિનોદ સીંધી નામના આરોપી પાસેથી વિદેશી દારુનો જથ્થો ઇંગ્લીશ દારુની મેકડોવેલ્સ નં.૧ રિઝર્વ વ્હિસ્કી 750 ML બોટલ નં.૬૦ તથા હેવર્ડ્સ 5000 500 ML ટીન બિયર નંગ-૭૨ મળી કુલ્લે કિ.રુ.૩૧,૨૦૦/ ની મત્તાનો વગર પાસ પરમીટે વેચાણ કરવા સારુ લાવી કોલમ નં.૩ માં જણાવેલ તા.ટા.અને જગ્યાએથી આરોપી નં.૧ નાનો દારુ તથા હોન્ડા સીટી કાર નં. GJ-01-HM-4860 કિ.રુ.૧,૫૦,૦૦૦/- અને સેમસંગ મોબાઇલ ફોન કિ.રુ.૪,૦૦૦/- સાથે મળી કુલ્લે રુ.૧,૮૫,૨૦૦/- ના મુદ્દામાલ સાથે મળી આવ્યા અંગે વાસણા પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૫૦૬૩/૨૦૧૭ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(ઇ), ૧૧૬(૧)બી, ૮૧મ ૯૮(૨) મુજબનો ગુનો દાખલ થયેલ જે ગુનામાં આરોપીઓ નં.(૧) જય ઉર્ફે બાટલો સુરેશભાઇ પુજારી તથા આરોપી નં.(૨) ભરતસિંહ નારાયણજી ડાભી નાઓની ધરપકડ કરી ગુનાના કામે અટક કરેલ છે.અને જે આ પકડાયેલ આરોપીઓ ગુનાહિત ઇતિહાસ ધરાવતા હોય પોતાની આવી અસામાજીક પ્રવુત્તિઓ કરતા અટકાવવા સારુ આરોપી ભરતસિંહ નારાયણજી ડાભી વિરુધ્ધમાં ધી ગુજરાત અસામાજીક પ્રવૃતી પ્રતિબંધ ધારા સને ૧૯૮૫ની કલમ ૩(૧) હેઠળ અટકાયતમાં લેવા અંગે પાસા દરખાસ્ત તૈયાર કરી આરોપી ભરતસિંહ નારાયણજી ડાભી ને પાસા હેઠળ અટકાયત કરવા અંગે મહે.પોલીસ કમિશ્નર શ્રી નાઓ પાસેથી પાસા હુકમ નં.કમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૧૯/૨૦૧૮ તા.૦૭/૦૨/૨૦૧૮ નો મેળવી પાસા અટકાયતી ભરતસિંહ નારાયણજી ડાભી ને તા.૦૭/૦૨/૨૦૧૮ ના કલાક ૨૨/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને ભુજ જેલ ખાતે અટકાયતમાં રહેવા સારુ મોકલી આપી સારી કામગીરી કરવામાં આવેલ છે.

સરખેજ પોલીસ સ્ટેશન :

પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી સરખેજ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓની સુચનાથી સર્વેલન્સ સ્ક્વોડનાં પો.સબ.ઇન્સ. ડી.સી. પરમાર નાઓ તેઓનાં સ્ટાફનાં માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન તેઓની બાતમી આધારે સરખેજ મકરબા શકીલાલાની દરગાહ પાસે રોડ ઉપર જાહેર માંથી આરોપીઓ નામે (૧)ઝાકિરહુસેન ગફુરહુસેન પઠાણ ઉ.વ. ૪૮ રહેવાસી સરખેજ રોજા હુસેની વકફ કમિટીનાં મકાન નં-૯ માં મકરબા રોડ સરખેજ અમદાવાદ મુળ વતન મન્સોર ઇન્દિરા કોલોની કોલેજની પાછળ જીલ્લો મન્સોર મધ્યપ્રદેશ તથા નં(૨)સુલેમાન બાબરભાઈ જાતે સૈયદ ઉ.વ. ૪૧ રહેવાસી એ/૩૦૪ ફૂરાદ એપાર્ટમેન્ટ ખ્વાજા નગરની બાજુમાં અંબર ટાવરની સામે ફતેવાડી અમદાવાદ નાઓને એક ગેર કાયદેસર રીતે દેશી હાથ બનાવટની પિસ્ટલ કીમત રૂપિયા ૫૦૦૦/-ની તથા એક મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૫૦૦/-નો તથા રોકડા નાણા ૨૦૦/- મળી કુલ્લે રૂપિયા ૫૭૦૦/-નાં મુદામાલ સાથે તારીખ ૮/૦૨/૨૦૧૮ નાં કલાક ૦૦/૪૦ વાગે પકડી પાડવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.